સલાબતપુરા વિસ્તારમાંથી સાડીઓ ભરેલ થ્રી વ્હીલ ટેમ્પોની ચોરી કરનાર આરોપીઓને ટુંક સમયમાં તમામ મુદ્દામાલ સાથે ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.

સુરત શહેર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર તથા સુરત શહેરમાં નોંધાયેલ મોબાઇલ ચોરી, ઘરફોડ ચોરી, લુંટના વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા તથા નાસતા-ફરતા આરોપીઓ શોધી કાઢવા માટે ક્રાઇમ બ્રાંચના PSI શ્રી આઇ.એસ.રબારીનાઓ તેમની ટીમના માણસો સાથે વર્ક-આઉટમાં હતા. દરમ્યાન તેમની ટીમના હે.કો. મુકેશ પુંડલીકભાઇ અને અ.હે.કો. અનીલ રઘુનાથભાઇ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) નુરહસન અબ્બાસ શેખ ઉ.વ.૨૦ રહે.બીલ્ડીંગ નં.એ/૧૨, રૂમ નં.૧૩,નવી ટેનામેન્ટ, કમરૂનગર, લીંબાયત, સુરત.(૨)સાહીદ મુક્તાર અન્સારી ઉ.વ.૨૦ રહે.ઘર નં.૪૨૭, ૪૨૮, ગલી નં.૬, ઓમનગર, ડુંભાલ ટેનામેન્ટ પાસે, લીંબાયત, સુરતનાઓને ચોરી કરેલ કોટન ડાઇડ ફેબ્રીક્સ કાપડની સાડીઓ નંગ-૧૨૮, સોફીયા કાપડની સાડીઓ નંગ-૨૪૦, ૬૦ ગ્રામ કાપડની સાડીઓ નંગ-૧૨૦ મળી કુલ સાડીઓ નંગ-૪૮૮ જેની કુલ કિં.રૂ.૧,૬૮,૮૦૦/- ના મત્તાની સાડીઓ સાથે પકડી પાડી મજકુર આરોપીઓની પુછપરછમાં હકીકત જણાયેલ છે કે, તેમણે આજથી ૧૦-૧૨ દિવસ પહેલા સલાબતપુરા, મીલેનીયમ ટેક્ષટાઇલ માર્કેટ-૨ના ગેટ પાસે પાર્ક કરેલ એક થ્રી વ્હીલ ટેમ્પો જેમાં સાડીઓના પાર્સલ ભરેલ હતા. જે ટેમ્પો પકડાયેલ ઉપરોક્ત બે આરોપીઓ તથા સમીમ ઉર્ફે તીલ્લીપાંવ વસીમ અન્સારી રહે. લીંબાયત, સુરતનાઓએ ચોરી કરી લઇ ગયેલ હતા. આ ચોરી કરેલ સાડીઓ નંગ-૪૮૮ સાથે આરોપી નુરહસન અબ્બાસ શેખ તથા સાહીદ મુક્તાર અન્સારીનાઓ લીંબાયત વિસ્તારમાંથી પકડાઇ ગયેલ છે. અને આરોપી સમીમ ઉર્ફે તીલ્લીપાંવ વસીમ અન્સારીનાને પકડવા માટેની તજવીજ ચાલુ છે. ડીટેક્ટ ગુનો (૧)સલાબતપુરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૩૩૮/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.